BAOU Education for All
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# 'એક હતો વીનેશ' સમીક્ષાત્મક અભ્યાસ

પારગી મંજુલાબેન રામસિંહ

એક હતો વીનેશ આ આત્મકથા મૂળતો સ્મૃતિ કથા છે. આ કૃતિના લેખક વીનેશ અંતાણી છે, તેમણે ગુજરાતી કથાસાહિત્યને સમૃદ્ધ કર્યું છે. તેમનું સાહિત્ય સર્જન સાતમા આઠમા દાયકાથી શરૂ થયું છે. તેમનામાં પરંપરાગત તેમજ પ્રયોગશીલતાનો સમન્વય જોવા મળે છે. એમની પાસેથી છ વાર્તાસંગ્રહોમાં સમાયેલ ૯૧ વાર્તાઓ અને ૨૪ નવલકથા અને લઘુનવલ મળે છે.આ ઉપરાંત નિબંધસંગ્રહ, સંપાદન ,અનુવાદ અને ડૂબકી શ્રેણી સુધીની અવિરત સર્જન સફર છે. વિવિધ સ્વરૂપો પર તેમની વિશેષ પકડ જોવા મળે છે . એમની સર્જનયાત્રાની સફરની શરૂઆતથી લઇને આજ સુધી ભૂતકાળ અને વર્તમાનમાં બનેલી અને બની રહેલી ઘટનાઓનો ચિતાર મળે છે. નવલકથા સ્વરૂપના મોટા બે પુરસ્કારોથી તેઓ સન્માનિત થયેલા છે. સાહિત્ય અકાદમી દિલ્હીનો પુરસ્કાર અને દર્શક એવોર્ડ તેમને મળ્યા છે. 'એક હતો વીનેશ' માં સંવેદનો સ્મૃતિઓ બાળપણ વાંચનયાત્રા સર્જનયાત્રા અને તેમને ઘડનારા પરિબળો તેમના વિવિધ અનુભવો અને તેમને સર્જનાત્મક રીતે આલેખ્યા છે. સ્મૃતિ કથાના આધારે જોઈએ તો નિજી અનુભવો સર્જનમાં કેવી રીતે વર્ણવાયાં છે, તેના મૂળિયા સુધી પહોંચીએ જીવનનો ચિતાર અહીં વીનેશ અંતાણીએ રજૂ કર્યો છે.

સ્મૃતિ કથાની શરૂઆત ત્રીજા પુરુષ એક વચનમાં કથાનાયક બની કરી છે. સત્યાવીસમાં ઘરની લોબીમાં બેઠા બેઠા ભૂતકાળને વાગોળી રહ્યા છે. વર્તમાનમાં બેઠેલા સર્જક જીવાઈ ગયેલા જીવનની શરૂઆત ક્યાંથી થઈ તેના મૂળિયા સુધી પહોંચે છે. સિત્તેરમો જન્મ દિવસ ઊજવાઈ ગયો છે. એકોતેરમાં વર્ષે જીવનનો ભૂતકાળ અને વર્તમાન તેમની સ્મૃતિઓમાં ઝીલાયો છે, તેને શબ્દરૂપે આલેખ્યો છે. બે દીકરા અને વહુઓ સેટ થઈ ગયા છે. ત્યારે જીવન જીવ્યાનો સંતોષ અનુભવી રહેલા વીનેશ અંતાણી પોતાના જીવનમાં આવેલા ઉતાર- ચઢાવ વિશે માંડીને વાત કરી છે, દરેક

પડાવ પર તેમણે પોતાની જાતને જુદા જુદા સ્વરૂપે જોઈ છે. દરેક પડાવ પર એક જુદા જુદા વીનેશને ઊભેલા જોયા છે.

બાળપણ મસ્તીથી ભર્યું ભર્યું રહ્યું છે. બાળપણની સ્મૃતિઓ વાગોળતા તેમણે કરેલી ધીંગામસ્તી વિશે સરળ શૈલીમાં રજૂઆત કરી છે. નખત્રાણામાં તેમનો ઉછેર થયો. મિત્રો નરેન્દ્ર, મહેશ, મૂળશંકર, સુરેશ કનૈયા, હરિ વગેરે મિત્રોને યાદ કરતા સાથે મળીને કરેલી ધમાલ વિશે જણાવ્યું છે, ઢોલ વગાડવાનો શોખ, ભવાઈઓની પ્રેક્ટિસ,ઝાલર વગાડવા, બકરીઓ પકડીને દૂધ કાઢી લેવું ,ગધેડાઓને રંગવા, નદીના પટમાં હુતુતુ રમ્યા છે. નવરાત્રિમાં નાટકો ભજવવા, આમલીના કાતરા વિણવા, મેળાઓમાં ફરવું, કૂતરાઓને રંગવા, છાશ લેવા જવું ,તીડોનું આક્રમણ, હોળીની ઠરેલી રાખ શરીરે ઘસી, વાંચન લેખનનો શોખ, આ બધું જ વીનેશ અંતાણીએ સર્જનાત્મક શૈલીમાં રજૂ કર્યું છે. મિત્રોનો સાથ, પરિવારનો સાથ છતાં એકલા રહેવાનું તેમને ગમ્યું છે, તેની પાછળનું કારણ નોકરીના કારણે સતત થતી રહેતી બદલીઓ એમને એકલતાની ભેટ આપી છે. ઘણા વર્ષો પરિવારથી દૂર રહેવાનું બન્યું છે, વારંવાર બદલીઓના કારણે જુદા જુદા સ્થળોએ રહેવાનું થયું ,એના કારણે ઘણા બધા સ્થળો વિશે, ત્યાં રહેતા પરિવારો, સમાજ, માણસો સાથેની મુલાકાતો થતી રહી અને એ સમાજ સાથે જોડાયેલા રહ્યા, નવાં નવાં સ્થળો તેમના સર્જનમાં સ્થાન પામ્યા છે. કાચી સામગ્રી તેમને મળી છે, જેને મઠારી તેમણે પોતાના સર્જનમાં વણી લીધી છે .

પરિવારનું મહત્વ હંમેશાં પ્રથમ સ્થાનમાં રહ્યું છે. નાના કાકા ,બચુબેન, સરલા , દાદા -દાદી અને કાકા -કાકીથી ભરેલા મોટા પરિવારમાં રહ્યા, પરંતુ પિતાજીને નોકરીના કારણે પરિવારથી દૂર રહેવું પડ્યું. નખત્રાણા, ભુજમાં ખૂબ રખડ્યા છે. મોસાળ પક્ષે પણ એટલી જ ભાવના સાથે જોડાયેલા રહ્યા છે. નાનાજી મામા સાથે મિત્ર જેવો સંબંધ રહ્યો છે, પડોશીઓ સાથે પણ ખૂબ સારા સંબંધો રહ્યા છે. મોટા સાથે પણ સહજતાથી ભળી ગયા છે. કાલ્પનિક સૃષ્ટિ રચવામાં એમને ખૂબ રસ પડ્યો છે. જે તેમના સર્જનમાં પણ ડોકાય છે. હનુમાન અને ભીમ તેમના ગમતા પાત્ર રહ્યા છે. કુટુંબમાં બહુ ધાર્મિક વાતાવરણ ન હતું ,પરંતુ લેખકને ભગવાનમાં શ્રદ્ધા હતી. પોતાની બા માટે તેમને ખૂબ માન હતું. તેમણે બા વિશે દીપક મહેતાએ સંપાદિત કરેલાં 'માતૃવંદના' પુસ્તકમાં લખ્યું છે" ચારે તરફ ઝીણા ઝીણા ચળકતાં મોતી રાતના આકાશમાં તારાઓની જેમ ઝળુંબેલા છે . એ બધા જ મોતી એકઠાં થઈને એક આકાશ રચે છે, એક ચહેરો બનાવે છે... એ સ્વચ્છ ચહેરાની રેખાઓને સતત પરિવર્તન પામતી મેં જોઈ છે. ખુલ્લી આંખોમાં ભાવ ઊભરાતા જોયા છે. કશુંક ગમતું બન્યું હોય ત્યારે પાંપણોની નીચે આછુ આસમાની સરોવર છલકાતું અનુભવ્યું છે. કશુંક ન

ગમતું બન્યું હોય ત્યારે એ જ પાપણોની નીચે સુકાઈ ગયેલા તળાવનું તળિયું જોયું છે."૧ તેમના બાનું વ્યક્તિત્વ તેમના પાત્રોમાં પણ જોવા મળે છે. નાના કાકાનું પાત્ર પણ આવી જાય છે, નીજી અનુભવોને તેમના સર્જનમાં સર્જનાત્મકતાથી ઉતાર્યા છે. 'મારી સુલભા'એ શ્રેષ્ઠ ઉદાહરણ છે. હરતા ફરતા પુસ્તકાલયનાં ગ્રંથપાલ અને વ્યવસાયે શિક્ષક પિતાજીની છાપ સરળ વ્યક્તિની રહી છે. પિતાજીએ વધારાની આવક ઊભી કરવા માટે ટૉકીઝમાં ટિકીટ માસ્તરનું કામ કર્યું હતું. ઢોલ વગાડવાના શોખીન હતા, ટ્યૂશન પણ લેતા, નાટકમાં ભાગ લેતા, બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. દ્રઢ થયેલી માન્યતાઓ, પરંપરાઓ તેમના સર્જનમાં સ્થાન લે છે. વતન પ્રત્યેનો પ્રેમ એમના સર્જનમાં જોવા મળે છે. ઠાકરનું મંદિર, અંબા માતાનું મંદિર, શિવજીનું મંદિર, જૈન દેરાસર, ધર્મશાળા ,ટ્રેનોમાં વગેરે સ્થળોમાં તે ખૂબ ફર્યા છે. જે તેમની દરેક કૃતિમાં આવતા રહ્યા છે. કચ્છ અને ભુજ નખત્રાણાની યાદો તેમણે તેમની કૃતિઓમાં રજૂ કરી છે. ધાડ , કાફલો આ નવલકથા રણનો પરિવેશ લઈને આવે છે. ગામડાનું શુદ્ધ નિર્મળ વાતાવરણ, ત્યાંના લોકોના રીતરિવાજો, રહેણીકરણી ,ખાણીપીણી, રણમાં રહેતા પરિવારોની વ્યથા,ત્યાંનું હાડમારી ભર્યું જીવન, કચ્છ-ભુજનાં સમાજને ઉજાગર કર્યો છે, ઉત્સવોનું બારીકાઈથી આલેખન જોવા મળે છે. મિત્રોથી ભરપુર જીવન, જીવનમાં મિત્રોનું સ્થાન અમૂલ્ય રહ્યું છે. જે તેમના સર્જનમાં સહજતાથી વણાઈ ગયું છે. પુષ્પા મહેતા સાથેની પ્રથમ મુલાકાત અને એ મુલાકાત પ્રણયજીવન અને લગ્નજીવન સુધીની માંડીને વાત કરી છે. તેમના જીવનમાં આવેલા ઉતાર-ચઢાવનો ક્રમ તેમણે આપ્યો છે. બાળપણની બધી જ ઘટનાઓ તેમણે યાદ કરી છે. મિત્રો, સગાંસંબંધીઓ, પાડોશીઓ સાથેનો ભાવ અકબંધ રહ્યો, બાળપણ કેટલીય પ્રવૃત્તિઓથી ધમધમતું રહ્યુ છે. વીનેશ અંતાણી બાળપણમાં ઘણું બધું કરવા ઇચ્છતા હતા. તેમને ચિત્રકાર બનવું હતું, સંગીતકાર બનવું હતું, નાટક મંડળીમાં જોડાઈને અભિનય કરવો હતો, શિક્ષક બનવું હતું, પરંતુ બની શક્યા નહીં. નાનામાં નાના માણસ સાથે સંબંધ રાખ્યો છે. તેમનું વ્યક્તિત્વ માનવતા અને લાગણીથી છલોછલ રહ્યું છે. ડુંગરોના ચઢાણ કર્યા, લોટ દળાવવા ગયા છે, ત્યાંથી પણ રમૂજ શોધી કાઢી છે. ઘરે દરજી બોલાવીને કપડાં શીવડાવ્યા છે. મિત્રો સાથે ખૂબ ફર્યા છે, મસ્તી મજાકની છોળો ઉડાવી છે, નળિયા સંચાર્યા છે,પદડાઓ ખેંચીને નાટકો ભજવ્યા છે, નાટકો જોવા ગયા છે અને તે કાચી સામગ્રી તેમણે આ બધામાંથી એકઠી કરી સર્જક દ્રષ્ટિએ પોતાના સર્જનમાં ઉતારી છે. નવરાત્રીનું મહત્વ ખૂબ રહ્યું, વણઝારાઓની જિંદગીને બહુ નજીકથી જોઇ છે, એ આખે આખું દ્રશ્ય કાફલો નવલકથામાં ઉતાર્યું છે. તેમણે કચ્છ ભુજ જેવું ગામડું અને મુંબઈ, ચંદીગઢ, પંજાબ જેવા શહેરો બહુ નજીકથી જોયા છે. ત્યાં રહ્યાં છે અને જાત અનુભવો તેમના સર્જનમાં આકર્ષક રીતે વ્યક્ત કર્યા છે. નાનામાં નાના

માણસ સાથે તેમને લગાવ છે, નખત્રાણાની ગલીએ ગલી સાથે એમની સ્મૃતિઓ જોડાયેલી છે . ગામ પ્રત્યેનો પ્રેમભાવ હંમેશા રહ્યો ,ખાટી આંબલીના ફૂલ અને કાતરા ખાધા છે. ઘણા બધા મિત્રો અને સ્વજનો સાથે તેમના ગાઢ સંબંધો રહ્યા છે. રબારીઓ અને ઊંટ સાથે પણ તેમને લગાવ છે. માલધારીઓનું પણ આકર્ષણ રહ્યું છે, તે 'કાફલો' નવલકથામાં વ્યક્ત થયું છે. 'બીજું કોઈ નથી' નખત્રાણામાં બનેલી સત્યઘટના પર આધારિત નવલકથા છે.

વીનેશ અંતાણીની સર્જનયાત્રા કવિતાથી થઈ. એ કવિતા જ્યોતિ નામના હસ્તલિખિત અંકમાં છપાઈ હતી 'જનશક્તિ' અખબારના બાળ વિભાગમાં 'મીની માસી' બાળગીત છપાયું હતું. બાળપણથી જ વાંચવા લખવાનો શોખ હતો અને એ શોખના કારણે જ તેમનું વાંચન બહોળું થતું ગયું. પિતાજી ગ્રંથપાલ તરીકે સેવા આપતા તેથી દર વખતે નવી નવી પુસ્તકો વાંચવાનો અવસર મળતો, કવિતાઓ પણ લખી 'મંજુલ' ઉપનામ રાખ્યું પરંતુ ગદ્યમાં વધારે રસ હોવાના કારણે ગદ્ય સર્જન તરફ વળ્યા. પિતાજીની બદલીના કારણે નખત્રાણા છોડ્યું ત્યારે સત્તર વર્ષના વીનેશ અંતાણીને ખૂબ દુઃખ થયું હતું. કચ્છ પ્રત્યે તેમને લગાવ હતો. યુવાનીની શરૂઆત ત્યાંથી થઈ હતી. ભુજનું આકર્ષણ તો હતું જ તેમની પહેલી નવલકથા 'નગરવાસી' માં જોવા મળે છે.આમ સાહિત્ય સર્જન શરૂ થયું. જિંદગીમાં અનેક ઉતાર-ચઢાવ આવ્યા કેટલાક પડકારો સામે આવ્યા, નાના કાકાને બ્રેન હેમરેજને કારણે ડાબા શરીરમાં લકવો થયો. કસરત કરવા ફિઝિયો થેરાપિસ્ટ નાયર દરરોજ ઘરે આવતો એની ફી માટે ખર્ચ કાઢવા ભુજમાં એકલા રહેતા વ્યક્તિઓને બે ટંક જમાડવા પુષ્પા મહેતા અને નાની બહેન દત્તાએ જવાબદારી ઉપાડી લીધી હતી. એમાંથી વધારાની આવક થઇ હતી અને દવાના પૈસા નીકળી રહેતા શરૂઆતના કોમર્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે જોડાયા પરંતુ અનિશ્ચિતતાનો ઉચાટ તો રહ્યા જ કરતો હતો. પાંચેક વરસ અધ્યાપક તરીકે નોકરી કરી એક વર્ષ ક્લાર્ક તરીકે એસ.ટી ડેપોમાં ફરજ બજાવી. આકાશવાણીમાં નોકરી મેળવવા માટે પ્રયત્ન કર્યા પરંતુ નિષ્ફળતા મળી પ્રોગ્રામ એક્ઝિક્યુટિવ તરીકે સીધી ભરતીની જગ્યા હતી યુપી.એસ. સીના ઇન્ટરવ્યુમાં સફળ થવા ઘણી મહેનત કરી હતી. આઠેક મહિનાની તૈયારી કરી અંગ્રેજી વિષય પર પકડ ન હોવા છતાં અંગ્રેજીમાં ઈન્ટરવ્યૂના સંભવિત સવાલોની વિગતવાર યાદી બનાવી ભરપૂર તૈયારીમાં લાગી ગયા. દિલ્હી ઇન્ટરવ્યૂ માટે ગયા. ઇન્ટરવ્યૂ સારો રહ્યો અને ભુજમાં આકાશવાણીમાં પ્રોગ્રામ ઓફિસર તરીકે એપ્રિલ ૧૯૭૫ના દિવસે તેઓ જોડાયા. એ સમય દરમિયાન રાજકારણ કટોકટી વગેરેના મુદ્દાઓ કાર્યક્રમમાં જાહેરાત કરવાના હતા. ત્યાંથી એક જ વર્ષમાં ત્યાંથી વડોદરા બદલી થઈ રઝળ પાટ શરૂ થયો હતો. વડોદરામાં

થોડી સ્થિરતા રહી  પછી ફરી મુંબઈ બદલી થઈ. ત્રણેક  વર્ષ  મુંબઈ નોકરી કરી પરંતુ વડોદરા આકાશવાણીમાં બારેક વર્ષ નોકરી કરી.   કેન્દ્ર પર ઘણા બધા સર્જકોને મુલાકાત થતી રહી અને તેમની સર્જકતામાં નવા નવા વળાંકો આવતા ગયા.  નાટકો ભજવાતાં ગયા, નવલકથા લખાતી ગઈ, ટ્રેનની ભીડમાં પ્રવાસ કરવો પડતો. મુંબઈની ભીડભાડએ ઘણા બધા અનુભવો મળ્યા અને એ દરેક નવલકથામાં કોઈક ને કોઈક અંશે  તો ટ્રેન જોડાઈ જ ગયેલી જોવા મળે છે.  નવલકથાના પાત્ર તરીકે ટ્રેન આવવા લાગી. સામયિકોમાં અને વર્તમાન પેપરોની પૂર્તિઓમાં નવલકથાઓ છપાતી ગઈ.  અમદાવાદ આવી ગયા. અમદાવાદ થી વડોદરા આવવા જવાનું થતું ટ્રેનમાં મુસાફરી કરવાનું  થતું.  કોમી હુલ્લડોનો માહોલ હતો.  એ જ  વખતે તેમનું ચંદીગઢ પોસ્ટિંગ થયું ,અત્યાર સુધી જે છાપામાં આતંકવાદની વાતો છપાતી હતી એ હવે રૂબરૂ એવા વાતાવરણમાં રહેવાની પરિસ્થિતિ આવી હતી.  ચંદીગઢના રસ્તા પર કાર  ચાલતી હતી.  નવા જ શહેરના વાતાવરણમાં મુકાયા, પોલીસ બંદોબસ્તથી  તંગ વાતાવરણમાં જવાનો વચ્ચે રહેવાનું થયું.  પોલીસની ચોવીસ કલાકની હાજરીમાં તેમને રહેવું પડ્યું.  એ જ પોસ્ટ પર  કામ કરનાર આર.કે.તાલીબની હત્યા કરવામાં આવી હતી  અને એ જ પોસ્ટ પર હાજર થવા આવેલા વીનેશ અંતાણીને ફૂલ સિક્યોરિટીમાં રાખવામાં આવ્યા હતા.  સુરક્ષાનો પ્રશ્ન ઉભો થયો હતો, વારંવાર ઠેકાણા બદલવા પડતા હતા શક્ય એટલા ઓછા લોકોનો સંપર્ક રાખવાનો હતો.  પડછાયા જેવા સંત્રીઓ આતંકવાદીઓથી બચાવવા ખડે પગે ઊભા રહેતા.પંજાબનું લોકજીવન લોકસંસ્કૃતિ આતંકવાદને નજીકથી જોવાનો મોકો મળ્યો. હિમાલયના પહાડોનું અદભુત સૌંદર્ય અને શાંતિનો અનુભવ મળ્યો એ એમની નવલકથાઓમાં સ્થાન પામ્યો. ધૂંધ ભરી ખીણ નવલકથામાં એ જોવા મળે છે. મુખ્ય ભાવ ભાષા હિન્દી અને પંજાબીના કારણે તેમને ઘણો ફાયદો થયો એમની ઓફીસના માળી  સાથે પણ સારા સંબંધો રાખ્યા. માળી રોજ સવારે ફૂલોનો ગુલદસ્તો એમના ટેબલ પર ગોઠવી દેતો. નાનામાં નાના માણસ સાથે તેમને માનવતા દાખવી છે. પ્રકૃતિના સૌંદર્ય વચ્ચે રહેવાનો લાભ તેમણે લીધો પરંતુ સતત ફડક પણ રહેતી ધૂંધ ભરી ખીણ અને દીપશિખામાં આ વાતાવરણ વણી લેવાયું છે. આકાશવાણીમાં વીસ વર્ષો ગાળ્યા; તેમાંથી લેખકને ઘણું શીખવા મળ્યું.  એકલતા અને રઝળપાટ શરૂ થતો વારંવાર બદલીઓ સ્ટેશન ડાયરેક્ટરના પદ પર પહોંચેલા આ વ્યક્તિએ નોકરીના દસ-બાર વર્ષ બાકી હતા છતાં નિવૃત્તિનો નિર્ણય લીધો હતો, પુષ્પાબેનના સપોર્ટથી તે આ કરી શક્યા એનો અમને ગર્વ છે. બંને દીકરાઓ મોટા થઈ ગયા. ઇન્ડિયા ટુડેમાં જોડાઈને પત્રકારત્વનું ક્ષેત્ર સંભાળ્યું અને લખવાનું ચાલુ જ રાખ્યું.૪૯માં વર્ષે આકાશવાણીની નોકરીમાંથી સ્વૈછિક  નિવૃત્તિ લીધી પરંતુ સર્જક તરીકે તેઓ આજપર્યંત સક્રિય રહ્યા છે. અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરવાનું લખવાનું ચાલુ રહ્યું

પુષ્પાબહેને પણ બાળકો માટે વાર્તાઓ લખી છે. તેમના વાર્તા સંગ્રહ પ્રકાશિત થયા છે, રેડિયો નાટકમાં પણ સાથે કામ કર્યું છે.  ગોઠવાઈ ગયા છે ત્યારે જીવનના સંઘર્ષો વિશે અને મીઠી અને બંને સ્મૃતિઓને વાગોળતા આનંદિત થઈ ઊઠે છે.  તેમને સમકાલીન માટે 'ડૂબકી' કોલમ લખી પૂત્રો અને પૂત્રવધુ બધા હવે સંયુક્ત પરિવારમાં રહે છે આંતરજ્ઞાતિ લગ્ન હોવા છતાં એકતા અને પ્રેમ જળવાઈ રહ્યા. પુત્ર ઇંગ્લેન્ડ લગભગ 6 વર્ષ રહ્યો પરંતુ માતા પિતાનો પ્રેમ અને સંસ્કાર, કુટુંબ ભાવનાનાં કારણે તેઓ પાછા ભારત આવે છે. પરિવારમાં રહેવા લાગ્યા હૈદરાબાદમાં એક જ ઘરની છત નીચે ભેગા થયા રાશિ, શૈલ અને વિષૂ  આ ત્રણ પૌત્રો સાથે આખું ઘર ભરાઈ ગયું.  જિંદગીના ઉતાર-ચઢાવ વચ્ચે પણ વીનેશ અંતાણીએ સર્જનાત્મક કાર્ય ટકાવી રાખ્યું.તેમની સાથે બનેલી ઘટનાઓ અને કાલ્પનિક, વાસ્તવિક જગત ઊભું થયું. તેમના સર્જનમાં વિવિધ સ્થળો, વાતાવરણ પરિવારો, લોકસંસ્કૃતિ,  પ્રકૃતિનું સૌંદર્ય વગેરે જીવાઈ ગયેલા જીવનની અમૂલ્ય મૂડી બની રહી છે. તેમના સર્જનને સન્માનિત કરતા કેટલાક એવોર્ડ જેમાં દર્શક એવોર્ડ,  ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર, નંદશંકર મહેતા એવોર્ડ, મહારાષ્ટ્ર રાજ્ય સાહિત્ય અકાદમીનો કવિ નર્મદ એવોર્ડ તેની સાક્ષી પુરે છે.  તેમની પાસેથી વિષય વૈવિધ્ય મળે છે કાફલાના નાયકની જેમ વીનેશ અંતાણી પણ સતત આગળને આગળ વધતા જતા રહ્યા છે.  વાસ્તવિકતાનો સ્વીકાર કરી જીવનને જેવું છે તેવું જ આડંબર  રહિત જીવ્યા છે.  તેમની યાત્રા અવિરત ચાલુ જ રહી છે જીવનનો રઝળપાટ છે કે સત્યાવીશમાં ઘરના પાંચમાં  માળે બેઠા બેઠા છેક દૂર સુધી નીકળી ગયા હતા, પોતાના સ્વજનોને યાદ કરે છે એ ભલે દેખાતા બંધ થયા છે પરંતુ ભીતરથી તો સાથે જ છે.  મશાલના અજવાળામાં બધા પૂર્વજોના દર્શન થાય છે અને એ જ અજવાળામાં એના વંશજો ભવિષ્યના માર્ગ પર ચાલી રહ્યા છે, પત્નીના હોવાનો સ્પર્શ એની સહયાત્રાની ઉષ્મા અને આનંદથી એનું ઘર ભરાઈ ગયું છે.

આમ એક હતો વીનેશ સ્મૃતિ કથામાં સર્જકના ભાવ સંવેદન પ્રગટ થતા જોવા મળે છે.  તેમની નિર્મળતા નિખાલસતા જીવનનો સ્વીકાર, માનવતા, એકલતા, પીડા, સંઘર્ષ સંબંધો, પ્રકૃતિનું સૌંદર્ય અને સમાજજીવન, કારકિર્દી ,સહજીવન, મિત્રોની મૂડી  અને સર્જનયાત્રાનો સમન્વય એટલે 'એક હતો વીનેશ'. વાસ્તવિકતાનો સ્વીકાર અને સંબંધોનું મહત્વ સમજાવી જાય છે.  ગુજરાતી સાહિત્યને આ સ્મૃતિકથા રૂપે અમૂલ્ય ભેટ મળી છે એમ કહીએ તો અતિશયોક્તિ નહિ લાગે.  તેમની પાસેથી મળેલી લઘુનવલ , નવલકથા , નિબંધો,  વાર્તાઓ,  અનુવાદ, ડૂબકી  શ્રેણી, સંપાદન વગેરેમાં માનવતા છલકાતી જોવા મળે છે.  તેમના સર્જનમાં માનવીય સંબંધોનું મહત્વ વિશેષ રહ્યું છે,  જે ભવિષ્યની પેઢી માટે દ્રષ્ટિ અને દ્રષ્ટિકોણ બદલવામાં મદદરૂપ બની શકશે.  એક હતો વીનેશ એ

સ્મૃતિકથા વિશેષ મહત્વ ધરાવે છે. તેમનામાં રહેલ ઉત્તમ સર્જકની સર્જકતા મોહરી ઊઠે છે, ગુજરાતી સાહિત્યમાં જ નહીં પરંતુ તેમને હિન્દી ,પંજાબી ,ઉડિયા,અંગ્રેજી ભાષા પર પણ તેમનું પ્રભુત્વ છે. ગુજરાતી સાહિત્યમાં તેમનું સ્થાન અને નામ હંમેશા માનથી લેવાશે. બાળપણમાં પિતાજી પાસે આવેલી નવી ટ્રંક જે પુસ્તકોથી ભરેલી હોય તે ખોલવાનું કામ એમનું હતું નવા આવેલા પુસ્તકોને સૂંઘી લેતા ઘરે વાંચવા લઈ જતા અને જાણીતા ગુજરાતી સર્જકોની નવલકથા, વાર્તાસંગ્રહો જોઈ વાંચીને એમને લખેલા પુસ્તકો છપાશે તો કેવી મજા આવશે એવી ઈચ્છા એમને જાગતી. એમને માપ સરના કાગળો કાપી થોકડી બનાવી કોઈ ચોપડી બનાવી હતી પહેલા પાને ચોપડીનું કાલ્પનિક નામ લખી નીચે લેખકનું નામ લખ્યું હતું. આમ સપનું જોનારા આ સર્જકે પાસેથી આપણને ૧૯૭૪ થી લઈને ૨૦૧૭ સુધીમાં લગભગ ૫૧ જેટલી કૃતિઓ આપણને મળે છે. બાળપણમાં જોયેલું સપનુ સાકાર થયું છે. અને જીવન જીવવાનો જે આનંદ છે એ આનંદને માણતા માણતા હૈદરાબાદના ઘરમાં રહેતા આ સર્જક પાસેથી આપણને ઘણું બધું જોવા અને જાણવાની તક મળે છે. સંબંધોનું મહત્વ સમજાય છે, તેમજ દીર્ઘદ્રષ્ટિકોણનો પણ વિકાસ થાય છે. આમ સ્મૃતિ કથામાંથી વીનેશ અંતાણીનો જીવન સંઘર્ષ અને સફળતા માણવા અને સર્જનયાત્રા જોવા મળે છે.

સંદર્ભ

૧. 'એક હતો વીનેશ'(૨૦૧૭) વીનેશ અંતાણી

પારગી મંજુલાબેન રામસિંહ

રીસર્ચ સ્કોલર (Ph.D.), ગુજરાતી વિભાગ,

સ્કુલ ઓફ હ્યુમેનીટીસ એન્ડ સોશિયલ સાયન્સ,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ